મધ્યાહન ભોજન યોજના માટે સને ૨૦૧૫-૧૬ માં ચાલુ બાબતે પ્લાન સદરે માંગણી નં.૯,૯૫ અને ૯૬ હેઠળની ૬૦:૪૦ હિસ્સા મુજબની સુધારેલ બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૫/૪૦૧/આર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૦૧ /૦૨ /૨૦૧૬

વંચાણે લીધા:-

(૧)શિક્ષણ વિભાગના તા.૧૮/૫/૨૦૧૫ના અને તા.૨/૧૧/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક:મભય/૧૦૨૦૧૦/૧૨૭૮/૨.

(૨)ભારત સરકારના માનવ સંશાધન મંત્રાલયનો તા.૮/૧૨/૨૦૧૫ના પત્ર ક્રમાંક:એફ.નં.૯-૫/૨૦૧૫ડેસ્ક (એમડીએમ)

(૩) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૧/૧૨/૧૫નો પત્ર ક્રમાંક:મભય/હસબ/બજેટ/૨૦૧૫

ઠરાવ –

૧/ રાજયમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત ભારત સરકારના ૭૫ % હિસ્સા અને રાજ્ય સરકારના ૨૫ % હિસ્સા મુજબ સને ૨૦૧૫-૧૬ માં ચાલુ બાબતે પ્લાન સદરે માંગણી નં.૯,૯૫ અને ૯૬ હેઠળ નીચે મુજબની બજેટ જોગવાઇને સંદર્ભ-(૧)ના ઠરાવથી વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી.જેમાં અન્ય કેટલીક બાબતમાં ભારત સરકારનો અને રાજ્ય સરકારનો ૧૦૦ % હિસ્સો પણ હતો.

૨/ ભારત સરકારના નાણા મંત્રાલયના તા.૨૮/૧૦/૨૦૧૫ના અસ.પત્ર ક્રમાંકનં.૩૨/pso/fs/૨૦૧૫ અન્વયે માનવ સંશાધન મંત્રાલયના તા.૮/૧૨/૨૦૧૫ના પત્ર ક્રમાંક:એફ.નં.૯-૫/૨૦૧૫ ડેસ્ક(એમડીએમ)થી ફંડીંગ પેટર્નમાં તા.૧/૪/૨૦૧૫થી ફેરફાર કરવામાં આવેલ છે. રાજ્યમાં ચાલતી મ.ભો.યો.અંતર્ગત ભારત સરકારનો ૭૫ % હિસ્સો અને રાજ્ય સરકારનો ૨૫ % હિસ્સો હોય છે.જ્યારે નવી ફંડીંગ પેટર્નમાં ભારત સરકારનો ૬૦ % હિસ્સો અને રાજ્ય સરકારનો ૪૦ % હિસ્સો નક્કી કરવામાં આવેલ છે.ભારત સરકાર તરફથી ફૂડ ગ્રેઇન,ટ્રાન્સપોટેશન,એમ.એમ.ઇ અને કિચન ડિવાઇઝીસ બાબતમાં મળતી ૧૦૦ % મુજબની ગ્રાન્ટમાં કોઇપણ જાતનો ફેરફાર કરવામાં આવેલ નથી. સંદર્ભ -(૩)ના કમિ.મ.ભો.યો.ના પત્રોથી નવી ફંડીંગ પેટર્ન મુજબ સને.૨૦૧૫-૧૬માં ચાલુ બાબતે નીચે મુજબની સુધારેલ બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવા દરખાસ્ત રજુ કરવામાં આવેલ જે વિચારણા હેઠળ હતી.

૩/ પુખ્ત વિચારણાને અંતે રાજયમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત નીચે મુજબની વિગતે ભારત સરકારના ૬૦ % હિસ્સા પેટે સને ૨૦૧૫-૧૬ માં ચાલુ બાબતે પ્લાન સદરે માંગણી નં.૯ માટે રુ. ૨૪૬૭૭.૮૦ લાખ, માંગણી નં.૯૫ માટે રુ. ૨૫૬૧.૫૯ લાખ અને માંગણી નં.૯૬ હેઠળ રુ. ૬૦૨૮.૦૬ લાખ મળીને કુલ રુ. ૩૩૨૬૭.૪૫ લાખની સુધારેલ જોગવાઇને વહીવટી મંજુરી આપવામાં આવે છે. જે સાથે ભારત સરકાર તરફથી મળેલ ૧૦૦ % મુજબની રુ.૯૯૬૪.૧૯ લાખની ગ્રાન્ટ જે ફૂડ ગ્રેઇન, ટ્રાન્સપોટેશન, એમ.એમ.ઇ અને કિચન ડિવાઇઝીસનો બાબતમાં મળેલ છે.તેમાં કોઇપણ જાતનો ફેરફાર કરવામાં આવેલ ન હોઇ યથાવત રહેશે.તે સાથે ભારત સરકાર તરફથી મળેલ કુલ ગ્રાન્ટ રુ.૪૩,૨૩૧. ૬૪ લાખને આથી વહિવટી મંજુરી આપવામાં આવે છે.

| સને.૨૦૧૫-૧૬ ભારત સરકારનો ૭૫ % હિસ્સો અને ૬૦ % હિસ્સા મુજબ | | | રૂ.લાખમાં |
|---|---|---|---|
| માંગણી નં. | અગાઉના<br>૭૫ % હિસ્સા મુજબ | સુધારેલ<br>૬૦ % હિસ્સા મુજબ | કુલ તફાવત (ઘટાડો) |
| માંગણી નં. ૯ | ૩૦૫૬૨.૪૩ | ૨૪૬૭૭.૮૦ | ૫૮૮૪.૬૩ |
| માંગણી નં. ૯૫ | ૪૨૪૪.૭૭ | ૨૫૬૧.૫૯ | ૧૬૮૩.૧૮ |
| માંગણી નં. ૯૬ | ૭૬૪૦.૬૧ | ૬૦૨૮.૦૬ | ૧૬૧૨.૫૫ |
| કુલ | ૪૨૪૪૭.૮૧ | ૩૩૨૬૭.૪૫ | ૯૧૮૦.૩૬ |

૪/ રાજ્ય સરકારના ૪૦ % હિસ્સા મુજબ માંગણી નં. ૯ હેઠળ રુ. ૧૬૪૫૧.૮૭ લાખ, માંગણી નં.૯૫ હેઠળ ૧૭૦૭.૭૩ લાખ અને માંગણી નં.૯૬ હેઠળ રુ. ૪૦૧૮.૭૧ લાખ મળીને કુલ રુ. ૨૨૧૭૮.૩૧ લાખની સુધારેલ વહીવટી મંજુરી આપવામાં આવે છે.જે સાથે અન્ય કેટલીક બાબતોએ રાજ્ય સરકારે કરેલ ૧૦૦ % ની જોગવાઇમાં કોઇ પણ ફેરફાર થતો ન હોઇ યથાવત રહેશે.

| સને.૨૦૧૫-૧૬ રાજ્ય સરકારનો ૨૫ % હિસ્સો | | રૂ.લાખમાં | |
|---|---|---|---|
| માંગણી નં. | અગાઉના<br>૨૫ % હિસ્સા મુજબ | સુધારેલ<br>૪૦ % હિસ્સા મુજબ | કુલ તફાવત (વધારો) |
| માંગણી નં. ૯ | ૧૦૧૮૭.૪૮ | ૧૬૪૫૧.૮૭ | ૬૨૬૪.૩૯ |
| માંગણી નં. ૯૫ | ૧૪૧૪.૯૩ | ૧૭૦૭.૭૩ | ૨૯૨.૮૦ |
| માંગણી નં. ૯૬ | ૨૫૪૬.૮૬ | ૪૦૧૮.૭૧ | ૧૪૭૧.૮૫ |
| કુલ | ૧૪૧૪૯.૨૭ | ૨૨૧૭૮.૩૧ | ૮૦૨૯.૦૪ |

૫/ ઉપર મુજબની સુધારેલ બજેટ જોગવાઇને નીચેની શરતોને આધિન આથી વહિવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો-

૧/ સને ૨૦૧૫-૧૬ના વર્ષમાં ચાલુ બાબતે ઉકત વિગતે ભારત સરકારના ૬૦ % હિસ્સો અને રાજ્ય સરકારના ૪૦ % હિસ્સા મુજબના ફેરફાર અંગે સુધારેલ અંદાજમાં જરૂરી બજેટ જોગવાઇ કરવાની રહેશે.તેમજ પ્રસ્તુત બાબતે ભારત સરકાર સાથે જરૂરી પરામર્શ કરીને AWP&Bમાં સુધારેલ બજેટ જોગવાઇ બાબતની સક્ષમ કક્ષાએ મંજુરી મેળવી લેવાની રહેશે.

૨/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૩/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૫, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૪/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૬, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુક્ત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિગતવાર-સદર (૦૩)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૬/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૫/૧/૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે.પી.પટેલ )
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.